सत्यमेव जयते

<table>
<tr><td>GJJM090003282023</td><td>કેસ દાખલ તા. : ૧૬/૦૫/૨૦૨૩<br>કેસ નોધ્યા તા. : ૧૬/૦૫/૨૦૨૩<br>ઠરાવ જાહેર તા. : ૨૦/૦૪/૨૦૨૬<br>------------------------<br>અવધિ : ૨ વર્ષ. ૧૧ માસ, ૦૪ દિવસ</td></tr>
</table>

**જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**FORM-A**

| | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | તા. ૨૦/૦૪/૨૦૨૬ |
| **એફ.આઈ.આર.ની વિગત** | જોડીયા પોલીસ સ્ટેશન પાર્ટ ''બી'' ગુન્હા રજીસ્ટર્ડ નંબર:૧૧૨૦૨૦૨૫૨૧૦૪૫૬/૨૦૨૧તા: ૮/૮/૨૦૨૧. |
| **ગુનો** | આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ. |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે વિધ્વાન એ.પી.પી.** | શ્રી એન.કે.પરમાર |
| **આરોપી** | દીલીપ વસંતભાઈ માલવીયા,<br>ઉ.વ.૩૫, ધંધો.ખેતી,<br>રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર. |
| **આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી** | શ્રી એ.પી.માંકડ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૮/૦૮/૨૦૨૧ ના કલાક ૧૨:૪૫ વાગ્યે |
| **એફ.આઈ.આર. તારીખ** | ૦૮/૦૮/૨૦૨૧ |
| **ચાર્જશીટ દાખલ તારીખ** | ૧૬/૦૫/૨૦૨૩ |
| **ચાર્જફ્રેમ તારીખ** | ૨૫/૦૭/૨૦૨૩ (આંક–૦૪) |

| | |
|---|---|
| **પુરાવો ચાલુ થયા તારીખ** | તા. ૨૫/૦૮/૨૦૨૩ |
| **ચુકાદા માટે રાખ્યા તારીખ** | તા. ૨૦/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૨૦/૦૪/૨૦૨૬ |
| **સજા, હુકમની તારીખ (લાગુ પડે તો)** | – |

**આરોપીની વિગત**

| **આરોપી નં.** | **આરોપી નું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીરવાન / નિર્દોષ** | **કરવામા આવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ–૪૨૮ કસ્ટડીમાં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દીલીપ વસંતભાઈ માલવીયા, ઉ.વ.૩૫, ધંધો.ખેતી, રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર. | – | – | – | નિર્દોષ | – | – |

**FORM – C**

**ફરીયાદપક્ષે /બચાવપક્ષે/ અદાલત તર્ફે સાહેદ યાદી**

**ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| ૦૮ | ગીરીરાજસિંહ ગંભીરસિંહ જાડેજા નાઓની જુબાની | ફરિયાદી |
| ૧૦ | કિશનભાઈ રતાભાઈ વકાતર નાઓની જુબાની | પંચસાહેદ |
| ૧૪ | જેન્તીભાઈ બચુભાઈ ચૌહાણ નાઓની જુબાની | સાહેદ |
| ૧૭ | રવીરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નાઓની જુબાની | સાહેદ |
| ૨૩ | અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજા નાઓની જુબાની | સાહેદ |
| ૨૯ | નીલેશગીરી ઈશ્વરગીરી ગોસાઈ નાઓની જુબાની | પંચસાહેદ |
| ૩૦ | પુજા અંકીત ઝવેરી નાઓની જુબાની | સાહેદ |
| ૩૮ | ધર્મદિપસિંહ પ્રવિણ સિંહ ચુડાસમા નાઓની જુબાની | ત.ક.અ./સાહેદ |

## દસ્તાવેજી પુરાવા

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| ૦૯ | ફરીયાદ | અસલ |
| ૧૧ | આરોપીને અટક કર્યા અંગેનું તથા મુદામાલ રીકવર કર્યા અંગેનું પંચનામું | ખરીનકલ |
| ૧૫ | જોડીયા પોલીસ સ્ટેશનની હથીયાર તપાસણી બાબતની યાદી | ખરીનકલ |
| ૧૬ | હથિયાર તપાસણી રીપોર્ટ | ખરીનકલ |
| ૩૧ | મદદનીશ નિયામક, બેલેસ્ટિક વિભાગ, નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ની હથિયાર મળી ગયા બાબતની પહોંચ | અસલ |
| ૩૨ | ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો હથિયાર બાબતેનો તા.૨૯/૧૦/૨૦૨૨ નો રીપોર્ટ | અસલ |
| ૩૯ | જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર, તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ હથિયારબંધીનું જાહેરનામું | નકલ |
| ૪૦ | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | અસલ |
| ૪૧ | કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી જામનગરના ક્રમાંક: ડીએમ/હથપ/ચાર્જશીટ/૨૨૦૨૩૦૦૦૫૦૨૭/૨૦૨૩, તારીખ: ૨૦/૦૧/૨૦૨૩ થી આરોપી સામે ચાર્જશીટ કરવાની પરવાનગી આપતો પત્ર | અસલ |
| ૪૨ | ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૦૨/૧૧/૨૦૨૨ નો પત્ર | અસલ |

## બ. બચાવપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ક. અદાલતપક્ષે સાહેદ લીસ્ટ

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ડ. કબ્જે કરેલ મુદામાલ**

| અ.નં. | વિગત | આર્ટીકલ નંબર |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ પાવતી નંબર: ૩૨/૨૦૨૧, તારીખ: ૦૮–૦૮–૨૦૨૧ | ૧,૨ |

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ: ૦૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૨:૪૫ વાગ્યાના સુમારે બાલંભા ગામના પાટીયા પાસે આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર પરવાના વગર એક હાથ દેશી બનાવટની પીસ્ટલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– તથા જીવીત કાર્ટીસ નંગ–૫, કિંમત રૂપિયા ૫૦૦/– તથા હીરો હોન્ડા કંપની નુ સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજીસ્ટર્ડ નંબર: જી.જે.૧૦.સીડી–૬૦૧૩, કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– નુ મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/– ના મુદામાલ સાથે જાહેરમાં નીકળી પકડાઈ જઈ મે.ડી.એમ.સા.જામનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તેમજ સદરહુ હથીયાર તથા જીવીત કાર્ટીસ આ કામના આરોપીએ કાંતીલાલ રામજીભાઈ માલવીયા, રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગરવાળા પાસેથી મેળવેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાય આવેલ પરંતુ કાંતીલાલ રામજીભાઈ માલવીયા, તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હોય તેઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થઈ શકે તેમ ન હોય આ કામના આરોપીએ આર્મ્સ એકટની કલમ ૨૫(૧)(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ આ બાબતની ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં આપતા, તે ફરીયાદ પાર્ટ ''બી'' ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૨૫૨૧૦૪૫૬, તારીખ: ૦૮/૦૮/૨૦૨૧ થી ફરીયાદ નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતા, આરોપી વિરુધ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

**(૦૨)** સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડયા બાદ, આ કામના આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમત મુજબનો ગુનો કબુલ છે કેમ ? તે બાબતે આંક–૦૫ થી આરોપીનું નિવેદન નોંધવામા આવતાં, આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૩)** આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૪૩ થી પુરાવો પુરો થયા અંગેની પુરસીસ રજુ કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૦૪)** ફરીયાદપક્ષના પુરાવાના અંતે આ કામે ફોજદારી કાર્યરીતિની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓને પુછવામાં આવેલ તમામ પ્રશ્નોના ઈન્કાર કરતા જવાબો આપેલ છે, વધુમાં તેઓ નિર્દોષ હોવાનું તથા તેમના પર ખોટો કેસ કરેલાની હકીકત જણાવેલી છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી ની તથા આરોપી પક્ષે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૦૫)** આ કેસના નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

***– : : મુદ્દાઓ : : –***

મુદ્દા નં.૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ: ૦૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૨:૪૫ વાગ્યાના સુમારે બાલંભા ગામના પાટીયા પાસે આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર પરવાના વગર એક હાથ દેશી બનાવટની પીસ્ટલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– તથા જીવીત કાર્ટીસ નંગ–૫, કિંમત રૂપિયા ૫૦૦/– તથા હીરો હોન્ડા કંપની નુ સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજીસ્ટર્ડ નંબર: જી.જે. ૧૦.સીડી–૬૦૧૩, કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– નુ મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/–

ના મુદામાલ સાથે જાહેરમાં નીકળી પકડાઈ જઈ મે.ડી.એમ.સા.જામનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય તેમજ સદરહુ હથીયાર તથા જીવીત કાર્ટીસ આ કામના આરોપીએ કાંતીલાલ રામજીભાઈ માલવીયા, રહે.બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગરવાળા પાસેથી મેળવેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાય આવેલ પરંતુ કાંતીલાલ રામજીભાઈ માલવીયા, તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હોય તેઓ વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થઈ શકે તેમ ન હોય આ કામના આરોપીએ આર્મ્સ એકટની કલમ ૨૫(૧)(બી) તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં.૨ શું હુકમ?

**(૦૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

***-::કારણો::-***

**(૦૭) <u>મુદ્દા નં.૧ :</u>**

હાલના કામે આરોપી સામે તહોમત પુરવાર થયેથી હાલના કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલના કામે અદાલત સમક્ષ રજુ ફરીયાદપક્ષના મૌખિક તેમજ લેખિત પુરાવાનું પુરાવાકીય મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૭.૧)** હાલના કામે ફરીયાદપક્ષે ફરિયાદી ગીરીરાજસિંહ ગંભીરસિંહ જાડેજા નાઓને આંક-૦૮ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૦૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે તેઓ તથા પો.કો.અશોકસિંહ જાડેજા વિગેરે પો.સ્ટે. ખાતે હાજર હતા દરમ્યાન અશોકસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત

મળેલ કે બાલંભા ગામમાં રહેતો દિલીપ વસંત માલવીયા ગેરકાયદેસર રીતે પીસ્ટલ રાખે છે. તેવી હકીકત મળતા તુરંત જ પોલીસ હેડકવાર્ટર જામનગરથી આર્મર બોલાવેલ અને આર્મર આવી જતા બાલંભા ગામના પાટીયા પાસે સરકારી વાહનમા કલાક ૧૨:૪૫ વાગ્યે પહોંચતા બાતમીવાળો ઈસમ મોટર સાયકલ લઈને આવતા તુરંત જ તેને કોર્ડન કરી બે પંચો (૧) નીલેશગીરી ઈશ્વરગીરી ગોસાઈ તથા (૨) કિશન રતાભાઈ વકાતર રહે.રણજીતપર વાળા રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ દિલીપ વસંતભાઈ માલવીયા રહે. બાલંભા વાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના પેન્ટના પાછળના નેફામાથી એક દેશી બનાવટની પીસ્ટર મળી આવેલ. જે પીસ્ટલ ચેક કરતા પીસ્ટલના મેગજીનમા પાંચ જીવતા કાર્ટીસ ભરેલા હોય. મજકુરને પીસ્ટલ તથા કાર્ટીસ રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ પીસ્ટલને ચેક કરતા તેની બેરલની લંબાઈ ૮.૫ સે.મી.તેમજ ઉપરની સ્લાઈડ સહીત કુલ લંબાઈ ૧૪ સે.મી.તેમજ પીસ્ટલની ગ્રીપની લંબાઈ ૭ સે.મી.આ હથીયાર બત્રી બોરનુ હોય તેવુ જણાય આવેલ અને અગ્ની શસ્ત્ર ચાલુ હાલતમા હોય તેવુ જણાય આવેલ. આ પીસ્ટલની કિમત રૂ.૨૫,૦૦૦/- ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ અને મજકુર ઈસમ પાસે રહેલ મોટર સાયકલ જેના નંબર જી.જે.૧૦.સીડી-૬૦૧૩ નુ કબ્જે કરવામા આવેલ. તેમજ પાંચ કાર્ટીસ જેની કુલ કિમત રૂ.૫૦૦/- ગણી કબ્જે કરવામા આવેલા. મજકુર ઈસમ વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ તેઓને બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે ફરીયાદ આંક-૦૯ થી રજુ રાખેલ છે, આરોપીને જોયે ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમની ફરીયાદમાં તેઓની સાથેના વાહનમા ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી, તેઓએ તેમની ફરીયાદમાં તેઓ શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત પણ જણાવેલ નથી, પોલીસ સ્ટેશનનુ કે બીજી કોઈ અગત્યની વસ્તુઓ સાથે લઈ જઈએ તો તેની નોંધ પી.એસ.આઈ.કે પોલીસ સ્ટેશનના રજીસ્ટરમાં કરવાની હોય તેવુ જરૂરી નથી, આ તમામ વસ્તુઓ તેઓ પી.એસ.ઓ. પાસેથી લઈ અને તેને આ બાબતની મૌખીક જાણ કરે, આ ફરીયાદ આપ્યા બાદ તપાસનીશ અધિકારીની મદદમા તેઓ રહેલ નથી, તેઓ કહે છે તેવુ

ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ, તેની તેઓને ખબર નથી, પંચો જે છે તેને તેઓની સાથેના પો.કો. અશોકસિહે બોલાવેલા, કોઈપણ રીવોલ્વર કે પીસ્ટલ અને કાર્ટીસ ચાલુ હાલતમા છે કે કેમ તે જે તે પીસ્ટલ અને કાર્ટીસ જોઈને તે ચાલુ હાલતમાં છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, તેઓએ તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે આ પીસ્ટલ અને કાર્ટીસ ચાલુ હાલતમા હતા તેની ખાત્રી જે.બી.ચૌહાણ નાઓએ કરેલી, કબ્જે કરેલ મુદામાલ પીસ્ટલ અને કાર્ટીસ કબ્જે કર્યા બાદ જોડીયા પો.સ્ટે. માં કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે પીસ્ટલ અને કાર્ટીસ સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામા પંચો ની સહીઓ લીધેલી, આ પંચનામુ તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ આપેલ છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૨)** હાલના કામે ફરિયાદપક્ષે આંક–૧૧ થી આરોપીને અટક કર્યા અંગેનું તથા મુદામાલ હથિયાર તથા મોટર સાયકલ કબ્જે કર્યા અંગેનું પંચનામું રજુ થયેલ છે, આ પંચનામાના પંચસાહેદ નં.૧ કિશનભાઈ રતાભાઈ વકાતર નાઓને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તથા બીજા પંચસાહેદ નં.૨ નીલેશગીરી ઈશ્વરગીરી ગોસાઈને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત બન્ને પંચસાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એક તૈયાર પંચનામામાં સહી કરી હોવાની તથા પંચનામું તેઓએ વાંચેલ નહી તથા તેઓને વાંચી સંભળાવેલ નહી હોવાનુ જણાવે છે તથા પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આમ, ઉપરોકત બન્ને પંચસાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપેલ, તેમ છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

વધુમાં બચાવપક્ષે સદર પંચસાહેદોની ઉલટતપાસ નહી હોવાનુ સ્વિકારેલ છે. આમ, ઉપરોકત પંચસાહેદોએ આંક–૧૧ થી રજુ થયેલ અટક તથા મુદામાલ રીકવરી પંચનામું પુરવાર થઈ શકે તેટલો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી.

**(૭.૩)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ જેન્તીભાઈ બચુભાઈ ચૌહાણ નાઓને આંક– ૧૪ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, તારીખ ૦૮/૦૮/૨૧ ના રોજ જોડીયા પોલીસ સ્ટેશનથી મળેલ રીપોર્ટ અન્વયે દીલીપભાઈ વસંતભાઈ માલવીયા, જાતે.સતવારા ઉ.વ.૩૫, ધંધો ખેતી, રહે. બાલંભા ગામ, તા.જોડીયા જી. જામનગર વાળા પાસેથી બાલંભાના પાટીયે એક પીસ્ટલ તથા જીવીત કાર્ટીજ મળી આવતા તેની તેઓએ ચકાસણી કરતા નીચે મુજબ છે: એક દેશી હાથ બનાવટની પીસ્ટલ જેની લંબાઈ ૮.૫ સે.મી. છે. તેની ઉપર આવેલ સ્લાઈડની કુલ લંબાઈ ૧૪ સે.મી. છે. તેની નીચે પીસ્ટલ ગ્રીપની લંબાઈ ૭ સે.મી. છે. પીસ્ટલની એક સાઈડમા ફાઈબરનો બ્લેક કલરનુ કવર સીલ્વર ટાઈપ બે સ્ક્રુથી ફીટ કરેલ છે અને બીજી સાઈડમા નીકળેલી હાલતમા હતુ. સદરહુ પીસ્ટલને નીચેની સાઈડમા એક મેગજીન કેચ આપેલો હતો જે ખેચવાથી મેગજીન બહાર નીકળે છે જે જોતા તેમા પાંચ જીવીત કાર્ટીજ મળી આવેલ. પીસ્ટલની ઉપરની સાઈડમાં એક હેમર ફીટ કરેલ હોય છે તેની સ્લાઈડને પાછળથી તરફ ખેંચવાથી હથીયાર લોડ થાય છે. તેમા આપેલુ ટેગર દબાવવાથી ફાયર થાય છે. જેથી હથીયાર અગ્નીશસ્ત્ર ચાલુ હાલતનુ હોય તેવુ જણાતુ હતુ. તેમજ તેની સાથે મળી આવેલ કાર્ટીજના પેન્દા ઉપર કે.એફ.૭.૬૫ લખેલ હોય જેથી હથીયાર ૩૨ બોરનુ હોય તેવુ જણાય આવે છે. તેમજ તેની સાથે જીવીત કાર્ટીજ મળી આવેલ તેની તેઓએ તપાસ કરેલ અને રીપોર્ટ આપેલ કે વધુ તપાસણી માટે એફ.એસ.એલ.મા મોકલવાની ભલામણ કરેલી. આજરોજ તેઓ તેમની સાથે તેઓને જોડીયા પોલીસ સ્ટેશનથી મળેલ હથીયાર તપાસણી બાબતની યાદી સાથે લાવેલ છે જે આંક–૧૫ થી રજુ રાખેલ છે, વધુમાં તેઓએ આપેલ તારીખ ૦૮/૦૮/૨૧ નો હથીયાર તપાસણીનો રીપોર્ટ તેઓને કોર્ટ રેકર્ડમાથી બતાવતા તેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૧૬ થી રજુ રાખેલ છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ જે આંક ૧૫ વાળી યાદી રજુ કરેલ છે તેમાં જોડીયા પોલીસ સ્ટેશનના જાવક નંબર કે તેઓના પોલીસ સ્ટેશનના આવક નંબર કશુ જ લખેલુ નથી તેમજ જોડીયા પોલીસ સ્ટેશનનો રાઉન્ડ સીલ કે સીકકો પણ નથી, આ પત્ર તેઓના ઉપરી અધિકારીને સં બોધીને લખાયેલો હતો, તેઓને તેમના અધિકારીશ્રી ધ્વારા મૌખીક રીતે જોડીયા પોલીસ સ્ટેશન જઈ અને હથીયાર તપાસણી બાબતે કાર્યવાહી કરવાનુ જણાવેલ, તેઓને જોડીયા જવા બાબતે તેઓના અધિકારીશ્રીએ ૧૧ વાગ્યે જાણ કરેલી અને તેઓ ૧૧ વાગ્યે નીકળી ગયેલા, તેઓ ખાનગી વાહનમાં નીકળેલા, ખાનગી વાહનમાં એટલે કે રોડ પર જે વાહન મળે તેમા બેસીને નીકળેલા, પહેલા તેઓ જોડીયા પોલીસ સ્ટેશને આવેલ, તેઓ જોડીયા પોલીસ સ્ટેશને ૧૨:૨૦ ના અરસામાં પહોંચેલા, તેઓ જોડીયા પોલીસ સ્ટેશને પહોંચ્યા ત્યારે અશોકસિંહ ધનશ્યામસિંહ અને બીજા પોલીસ વાળા હાજર હોય તેઓ તેમને તુરંત જ સરકારી ગાડી બોલેરોમાં બેસાડીને સ્થાનીક જગ્યાએ લઈ ગયેલા, તેઓએ જે તેમની તપાસણીનો રીપોર્ટ આપેલ છે તે રીપોર્ટ મુજબ હથીયાર ચાલુ હોવા બાબતે અને કાર્ટીજ જીવંત હોવા બાબતે ૧૦૦% અભીપ્રાય આપી શકે નહી, આંક ૧૫ વાળી યાદી તેઓના ઉપરી અધિકારીને આપવા કોણ આવેલુ તે તેઓ કહી શકે નહી, તેઓએ તેમનો રીપોર્ટ જે તે અધિકારીને હથીયાર તથા કાર્ટીજની તપાસણી કરી તે જ દિવસે આપેલો, તેઓ જયારે બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે જે તે પોલીસવાળા ધ્વારા આરોપીને પકડી લેવામા આવેલ અને હથીયાર તેઓના કબ્જામાં લઈ લેવામા આવેલ, હથીયાર પોલીસવાળાએ પોતાની પાસેથી તેઓને આપેલ અને તેની ચકાસણી કરી રીપોર્ટ કરવા કહેલ.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ સ્થળ પર ગયેલ જ ન હોય અને ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય તેઓની ફરીયાદને મદદ કરવા માટે તેઓએ કહયા તે મુજબનો રીપોર્ટ પાછળથી તૈયાર કરી આપેલ છે, ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય અને તેઓએ કોઈ સ્થાનીકે રીપોર્ટ કરેલ ન હોય તેમ છતા તેઓને મદદ કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૪)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ રવીરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નાઓને આંક– ૧૭ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૦૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે તેઓ તથા પો.હે.કો. ગીરીરાજસિંહ જાડેજા તથા પો.કો.અશોકસિંહ જાડેજા વિગેરે પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાન અશોકસિંહ જાડેજાને તથા તેઓને સંયુકત રાહે બાતમી હકીકત મળેલ કે બાલંભા ગામમા રહેતો દિલીપ વસંત માલવીયા ગેરકાયદેસર રીતે પીસ્ટલ રાખે છે. તેવી હકીકત મળતા તુરત જ પોલીસ હેડકવાટર જામનગરથી આર્મર બોલાવેલ અને આર્મર આવી જતા બાલંભા ગામના પાટીયા પાસે સરકારી વાહનમા કલાક ૧૨:૪૫ વાગ્યે પહોચતા બાતમીવાળો ઈસમ મો.સા.લઈને આવતા તુરત જ તેને કોર્ડન કરી બે પંચો (૧) નીલેશગીરી ઈશ્વરગીરી ગોસાઈ તથા (૨) કિશન રતાભાઈ વકાતર રહે.રણજીતપર વાળા રૂબરૂ મજકુર ઈસમનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ દિલીપ વસંતભાઈ માલવીયા રહે.બાલંભાવાળો હોવાનુ જણાવેલ. મજકુરની અંગઝડતી કરતા તેના પેન્ટના પાછળના નેફામાથી એક દેશી બનાવટની પીસ્ટર મળી આવેલ. જે પીસ્ટલ ચેક કરતા પીસ્ટલના મેગજીનમા પાંચ જીવતા કાર્ટીસ ભરેલા હોય. મજકુરને પીસ્ટલ તથા કાર્ટીસ રાખવા બાબતે પાસ પરમીટ માંગતા તેમની પાસે લાયસન્સ ન હોવાનુ જણાવેલ. આ પીસ્ટલને ચેક કરતા તેની બેરલની લંબાઈ ૮.૫ સે.મી.તેમજ ઉપરની સ્લાઈડ સહીત કુલ લંબાઈ ૧૪ સે.મી. તેમજ પીસ્ટલની ગ્રીપની લંબાઈ ૭ સે.મી.આ હથીયાર બત્રી બોરનુ હોય તેવુ જણાય આવેલ અને અગ્ની શસ્ત્ર ચાલુ હાલતમા હોય તેવુ જણાય આવેલ. આ પીસ્ટલની કિમત રૂ.૨૫,૦૦૦/– ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ અને મજકુર ઈસમ પાસે રહેલ મોટર સાયકલ જેના નંબર જી.જે.૧૦.સીડી–૬૦૧૩ નુ કબ્જે કરવામા આવેલ. તેમજ પાંચ કાર્ટીસ જેની કુલ કિમત રૂ.૫૦૦/– ગણી કબ્જે કરવામા આવેલા. મજકુર ઈસમ વિરૂધ્ધ સાથેના પો.હે.કો. ગીરીરાજસિહ જાડેજાએ ફરીયાદ આપેલી.તપાસના કામે મારુ નીવેદન લીધેલુ. આરોપીને જોયે ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમના નીવેદનમાં તેમની સાથેના વાહનમાં ડ્રાયવર કોણ હતુ તેનુ નામ જણાવેલ નથી, તેઓએ તેમના નીવેદનમાં તેઓ શું શું વસ્તુઓ સાથે લઈને ગયેલા તે હકીકત

પણ જણાવેલ નથી, પોલીસ સ્ટેશનનુ કે બીજી કોઈ અગત્યની વસ્તુઓ સાથે લઈ જઈએ તો તેની નોંધ પી.એસ.આઈ. કે પોલીસ સ્ટેશનના રજીસ્ટરમા કરવાની હોય તેવુ જરૂરી નથી, આ તમામ વસ્તુઓ તેઓ પી.એસ.ઓ. પાસેથી લઈએ અને તેને આ બાબતની મૌખીક જાણ કરીએ, આ ફરીયાદ આપ્યા બાદ તપાસનીશ અધિકારીની મદદમા તેઓ રહેલ નથી, તેઓ કહે છે તેવુ ફરીયાદ મુજબનુ હથીયાર આરોપીએ કોની પાસેથી મેળવેલ તેનુ કોઈ નામ કે આ કામમા આવા કોઈ બીજા આરોપીને જોડેલ છે કે કેમ તેની તેઓને ખબર નથી, પંચો જે છે તેને તેઓની સાથેના પોલીસ કોન્સ્ટેબલ અશોકસિહે બોલાવેલા, કોઈપણ રીવોલ્વર કે પીસ્ટલ અને કાર્ટીસ ચાલુ હાલતમા છે કે કેમ તે જે તે પીસ્ટલ અને કાર્ટીસ જોઈને તે ચાલુ હાલતમા છે કે કેમ તે તેઓ કહી શકે તેવો કોઈ કોર્ષ તેઓએ કરેલ નથી કે તે બાબતના તેઓ એકસપર્ટ નથી, તેઓએ તેમના નીવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે આ પીસ્ટલ અને કાર્ટીસ ચાલુ હાલતમા હતા તેની ખાત્રી જે.બી.ચૌહાણ નાઓએ કરેલી, સદરહુ કબ્જે કરેલ મુદામાલ પીસ્ટલ અને કાર્ટીસ કબ્જે કર્યા બાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં કઈ જગ્યાએ રાખેલા અને કેટલો સમય રાખેલા તે તેઓ કહી શકે નહી, તેઓ જયારે રેઈડમા ગયા ત્યારે તેઓની સાથે આર્મર પણ હતા, તેઓ બનાવવાળી જગ્યાએથી જોડીયા પોલીસ સ્ટેશને ૨:૩૦ થી ૩:૦૦ વાગ્યા સુધીમા આવી ગયેલા, તેઓનુ નીવેદન તપાસનીશ અધિકારીએ તે જ દિવસે લીધેલુ.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને પંચનામાની વિગતે પીસ્ટલ અને કાર્ટીસ સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે, સ્થાનીકે કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામાં પંચો ની સહીઓ લીધેલી, આ પંચનામું તેઓની હાજરીમા થયાનુ તેઓ ખોટુ જણાવે છે, ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય તેઓની ફરીયાદને મદદ કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૭.૫)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજા નાઓને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, ગઈ તા.૦૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યાથી તેઓ તથા એ.એસ.આઈ.

આર.એમ.જાડેજા તથા હે.કો. જી.જી.જાડેજા તથા પી.એસ.આઈ. ડી.પી.ચુડાસમા સાહેબ સાથે જોડીયા પો.સ્ટેશને હાજર હતા તે દરમ્યાન તેઓને તથા સાથેના એ.એસ.આઈ. આર.એમ.જાડેજાને સંયુકત ખાનગી હકીકત મળેલ કે બાલંભા ગામમા રહેતો દીલીપ વસંતભાઈ માલવીયા પોતાની પાસે એક ગેરકાયદેસર પીસ્ટલ રાખી બાલંભા ગામ આસપાસ મોટર સાયકલ લઈને આટા ફેરા કરે છે અને તેને બ્લુ કલરનો શર્ટ તથા બ્લુ કલરનુ પેંન્ટ પહેરેલ છે જેથી પી.એસ.આઈ.શ્રીને સદરહુ હકીકતથી વાકેફ કરતા પી.એસ.આઈ.શ્રીએ જામનગર પોલીસ હેડકવાર્ટર ખાતે આર્મરને બોલાવવાની પ્રોસીઝર કરી જામનગર હેડકવાર્ટર ખાતેથી આર્મર જેન્તીભાઈ ચૌહાણ આવી જતા સદરહુ હકીકતથી વાકેફ કરી જોડીયા પોલીસ સ્ટેશનથી કલાક ૧૨:૨૫ વાગ્યે ઉપરોકત સ્ટાફ સાથે સરકારી વાહન બોલેરોમા સદરહુ હકીકતવાળી જગ્યાએ જવા રવાના થયેલ અને કલાક ૧૨:૪૫ વાગ્યે બાલંભા ગામના પાટીયા પાસે પહોંચતા ઉપરોકત વર્ણનવાળો વ્યકિત મોટર સાયકલ લઈને આવતો હોય જે સાથેના એ.એસ.આઈ. આર.એમ.જાડેજાએ ઓળખી બતાવતા જે મજકુરને મોટર સાયકલ સાથે પકડી કોર્ડન કરી પકડી પાડેલ અને તરત જ તેઓએ બે રાહદારી પંચો બોલાવી જેમા પંચ નં. ૧ નીલેશગીરી ગોસાઈ તથા પંચ નં. ૨ કિશન રતા વકાતરને સાથે રાખી પંચોને સમજ કરી પંચો રૂબરૂ મજકુરનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ દિલીપ વસંતભાઈ માલવીયા રહે. બાલંભાવાળો હોવાનુ જણાવેલ. પંચો રૂબરૂ મજકુર ઈસમની અંગઝડતી કરતા મજકુરના નેફામાથી એક પીસ્ટલ મળી આવેલ. જે પીસ્ટલ લોડેડ હોય જેથી સાથેના આર્મરે પીસ્ટલ જોતા એક હાથ બનાવટની પીસ્ટલ હોય જે અગ્ની શસ્ત્ર ચાલુ હાલતમા હોય અને પીસ્ટલમા મેગઝીન હોય જે મેગઝીનનો સ્કેચ દબાવી મેગઝીન બહાર કાઢતા તેમા પાંચ રાઉન્ડ હોય જે રાઉન્ડના પાછળના ભાગે જોતા કેએફ ૭.૬૫ લખેલ છે જે રાઉન્ડ તથા પીસ્ટલ પોતાના કબ્જામા રાખવા બાબતે હથીયાર પરવાનો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ જેથી પીસ્ટલની કિંમત રૂ.૨૫,૦૦૦/- તથા એક રાઉન્ડની કિમત રૂ.૧૦૦/- એમ પાંચ રાઉન્ડની કિમત રૂ. ૫૦૦/- ગણી એક બોકસમા મુકી સાથેના પી.એસ.આઈ.શ્રીએ કબ્જે કરેલ. તેમજ મજકુર ઈસમ જે મોટર સાયકલ લઈ આવેલ હોય જે જોતા હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ જેના આગળ પાછળ રજી.નંબર જોતા જી.જે.૧૦.સીડી-૬૦૧૩ નુ જોવામા આવેલ જેની કિમત રૂ.૨૫,૦૦૦/- ગણી સાથેના પી.એસ.આઈ.શ્રીએ તપાસ અર્થે કબ્જે કરેલ. આમ ઉપરોકત આરોપીએ પોતાના કબ્જામાં

ગેરકાયદેસર હથીયાર પરવાના વગર એક દેશી હાથ બનાવટની પીસ્ટલ કિંમત રૂ.૨૫,૦૦૦/- તથા રાઉન્ડ નંગ ૫ કિમત રૂ.૫૦૦/- તથા એક મોટર સાયકલ કિંમત રૂ.૨૫,૦૦૦/- એમ મળી કુલ મુદામાલ ૫૦,૫૦૦/- સાથે પકડાઈ જતા જામનગર જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આર્મ્સ એકટ ૨૫(૧)બીએ, ૨૯ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ગુનો કરેલ હોય જેથી સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કોરોના ટેસ્ટ કરી આરોપીને અટક કરવાનો બાકી હોય આ કામે કલાક ૧૨:૪૫ થી ૧૩:૪૫ સુધીનુ પંચનામુ કરવામા આવેલ અને સાથેના એચ.સી. ગીરીરાજસિહ જાડેજાએ મજકુર આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરીયાદ આપેલી સદરહુ કામગીરીમા તેઓ મદદમા હતા. આરોપીને જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આજની સ્થીતીએ ભામસતા પીરની જગ્યાએથી આગળ વધતા એક ગોળાઈથી રસ્તો વળે તે બાલંભા ગામે જાય છે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમા બાલંભા ગામનુ પાટીયુ એટલે કે જેની સામે હજામચોરા ગામનુ પાટીયુ આવેલ છે તે જણાવેલ નથી, આર્મર કયારે આવેલ અને કયા વાહનમા આવેલ તે તેઓ કહી શકે નહી, તેઓ જે હથીયાર કબ્જે કર્યાનુ કહે છે તે હથીયારને આર્મરે અમુક વાયર અંદર નાખી ટેસ્ટીંગ કરી જણાવેલ કે આ હથીયાર ચાલુ હાલતમા છે, કાર્ટીજ બાબતે આવી કોઈ ચકાસણી કરી હોય તેની તેઓને ખબર નથી, પંચો બોલાવી લાવ્યાનુ જણાવે છે એટલે પંચોને તેડવા ગયેલ નહી પરંતુ ત્યાથી માણસો નીકળતા તેમાથી બે વ્યકિતને બોલાવી લીધેલા, તેઓ જે જગ્યા જણાવે છે તે જામનગર કચ્છ હાઈવે છે અને ત્યા સતત વાહનોની અવર જવર રહે છે, આ જગ્યાની બન્ને બાજુ ખેતરો પણ આવેલા છે, તેઓ સરકારી વાહનમા કઈ કઈ વસ્તુઓ સાથે લઈને નીકળેલા તે તેઓના નીવેદનમા જણાવેલ નથી, તેઓ જે હથીયાર કબ્જે કર્યાનુ જણાવે છે તે જોડીયા પોલીસ સ્ટેશનમાં કયા રાખવામા આવેલ અને કેટલા દિવસ રાખેલ તેની તેઓને ખબર નથી, ફરીયાદી તેઓના સહ કર્મચારી છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,

આરોપીને મુદામાલ પીસ્ટલ અને કારતુસ સાથે પકડયાની હકીકત ખોટી જણાવે છે, પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહી લીધેલી હોય સ્થાનીકે પંચનામુ કર્યાની હકીકત ખોટી જણાવે છે, ફરીયાદી તેઓના સહ કર્મચારી હોય તેઓની ખોટી ફરીયાદને મદદ કરવા માટે સોંગંદ ઉપર ખોટી જુબાની આપે છે, તેઓ રેઈડના કામે સાથે હોવાનુ ખોટુ જણાવે છે, સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૬) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ પુજા અંકીત ઝવેરી નાઓને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, તેઓ તારીખ ૦૫/૦૨/૨૦૧૦ થી એફ.એસ.એલ. અમદાવાદ ખાતે સાયન્ટીફ ઓફીસર તરીકે જોડાયેલ અને ત્યારબાદ તા.૧૪/૦૫/૨૦૧૮ બાદ તેઓને સાયન્ટીફીક ઓફીસર તરીકે બઢતી મળેલ હતી અને તારીખ ૦૧/૦૬/૨૦૨૨ થી ગાંધીનગર ડેપ્યુટેશનમા ફરજ બજાવે છે, ગુના રજી.નં.૧૧ ૨૦૨૦૨૫૨૧૦૪૫૬ ના નંબર સાથે જોડીયા પોલીસ સ્ટેશન ખાતેથી તારીખ ૧૮/૦૮/૨૧ ના રોજ મુદામાલ ૧ પરીક્ષણ અર્થે તેઓના ઈન્ચાર્જ મદદનીશ નીયમકશ્રીએ સ્વીકારેલ હતો, સદર ગુના રજી. નંબરને તેઓની કચેરીમા ડીએફએસ/ઈઈ/૨૦૨૧/બીએલ/૩૨૧ ના ક્રમાંક આપેલ છે, જે કેસને તારીખ ૦૬/૧૦/૨૦૨૨ ના રોજ તેઓને પરીક્ષણ અર્થે સોંપેલ, પોલીસ સબ ઈન્સ્પેકટર જોડીયા, જી.જામનગરનુ ગુજરાતીમા સીલ ધરાવતુ પ્લાસ્ટીકના ડબ્બાનુ સીલબંધ પાર્સલ હતુ, જેમાં પીસ્તોલ નંગ ૧ તથા કાર્ટીસ નંગ ૫ હતા. જેને અત્રેના વિભાગમા નમુનો એ–૧, નમુનો એ–૨ અને નમુનો એ–૩ તરીકે માર્ક આપેલ છે, નમુનો એ–૧ માં દેશી બનાવટની મેગજીન સાથેની પીસ્તોલ હતી જેની બેરલ લંબાઈ ૮.૬ સે.મી.છે, નમુનો એ–૨ કેએફ ૭.૬૫ હેડસ્ટેપ ધરાવતા સેમીરીમન્ડ પીસ્તલ કાર્ટીસ નંગ ૩ જે દરેક કોપર જેકેટેડ બુલેટ ધરાવતા હતા. નમુનો એ–૩ કેએફ ૭.૬૫ હેડસ્ટેપ ધરાવતા રીફીલ કરેલ સેમી રીમન્ડ પીસ્તલ કાર્ટીસ નંગ ૨ જે દરેક લેડ જેકેટેડ બુલેટ ધરાવતા હતા.

<u>પરીક્ષણની વિગત અને અભિપ્રાય</u>

નમુનો એ–૧ નો અભિપ્રાય ૭.૬૫ એમ.એમ. કેલીબરના પીસ્તોલ કાર્તુસને ચેમ્બર અને ફાયર કરવાની ક્ષમતા ધરાવતી દેશી બનાવટની મેગજીન સાથેની સેમી ઓટોમેટીક પીસ્તોલ.જે સ્મુધ બોર બેરલ ધરાવે છે, લેબોરેટરીમા નમુના એ–૧ નુ ટેસ્ટ ફાયરીંગ કરતા પહેલા તેનુ બેરલ વોશનુ

રાસાયણીક પૃથ્થકકરણ કરતા ફુટેલ દારૂગોળાના અવશેષો નાઈટ્રાઈટ અને લેડની હાજરી શોધી શકાયેલ છે. જે દર્શાવે છે કે નમુના એ–૧ નો લેબોરેટરીમા સ્વીકાર્ય પહેલા ફાયરીંગ અર્થે ઉપયોગ થયેલ છે. નમુના એ–૧ ની પીસ્તોલમા નમુના એ–૨ નો કેએફ ૭.૬૫ એમએમ પીસ્તોલ કારતુસ નંગ ૧ તથા નમુના એ–૩ નો કારતુસ નંગ ૧ (કુલ ૨) ચેમ્બર કરી ટેસ્ટ ફાયર કરતા તે સફળતા પુર્વક ફાયર થયેલ છે અને નમુના એ–૧ ની પીસ્તોલ ચાલુ હાલતમા માલુમ પડેલ છે. નમુના એ–૧ની પીસ્તોલમાથી ફાયરીંગ કરવામા આવે તો માનવ જાનહાની થઈ શકે. નમુનો એ–૨ ૭.૬૫ એમએમ કેલીબર અને કેએફ ભારતીય બનાવટના સેમીરીમન્ડ પીસ્તોલ કારતુસ નંગ ૩ ઉપરોકત કારતુસ માથી કારતુસ નંગ ૧ ને નમુના એ–૧ ની પીસ્તોલમાથી તથા કારતુસ નંગ ૧ ને અત્રેની પ્રયોગશાળાના કેસ નંબર: DFS/EE/2021/BL/481 ના નમુના એ ની પીસ્તલમા ચેમ્બર પર ટેસ્ટ ફાયર કરતા તે ફાયર થયેલ છે અને તે જીવંત કારતુસ જણાયેલ. બાકીના કારતુસ નંગ ૧ જે તે સ્થીતીમા પરત કરેલ છે. નમુનો એ–૩ ૭.૬૫ એમએમ કેલીબર, કે એફ ભારતીય બનાવટના સેમીરીમન્ડ પીસ્તોલ કારતુસ નંગ ૨ ઉપરોકત કારતુસમાથી કારતુસ નંગ ૧ ને નમુના એ–૧ ની પીસ્તોલમાથી ચેમ્બર કરી ટેસ્ટ ફાયર કરતા તે ફાયર થયેલ છે અને તે જીવંત જણાયેલ. બાકીના કારતુસ નંગ ૧ જે તે સ્થીતીમા પરત કરેલ છે. તેઓને જોડીયા પોલીસ સ્ટેશનના હથીયારધારો ૨૫–૧બી,એ જી.પી.એ. ૧૩૫(૧) કેસ નંબર ૪૫૬ ના તારીખ ૦૮/૦૮/૨૦૨૧ ના મુદામાલની તપાસ અને પૃથ્થકકરણ બાબતનો તેઓની કચેરીને મળેલો તારીખ ૧૮/૦૮/૨૦૨૧ ના રોજનો રીપોર્ટ બતાવવામા આવે છે જેમા નીચે મુદામાલ જમા કરાવનાર તરીકે ધર્મદિપસિહ પ્રવિણસિહ ચુડાસમાની સહી છે અને જેને પુરાવામા આંક–૩૧ થી રજુ રાખેલ છે. તેઓને ૨૯/૧૦/૨૦૨૨ ના રોજનો ડાયરેટરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ગાંધીનગરનો મુદામાલ સ્વીકાર્યા અને તે બાબતનો તેઓએ મુદામાલ અંગે આપેલ અભિપ્રાયનો અસલ રીપોર્ટ બતાવવામા આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખે છે અને તેમા સીલનો નમુનો છે સદર અભિપ્રાયને પુરાવામા રજુ દાખલ આંક–૩૨ આપવામા આવે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર

કરે છે કે, તારીખ: ૧૮/૦૮/૨૧ થી તારીખ ૦૬/૧૦/૨૨ સુધી તેઓને મુદામાલ સોંપ્યો ત્યા સુધી આ મુદામાલ કયા અને કઈ હાલતમા હતો તેની તેઓને કોઈ અંગત જાત માહીતી નથી, સાહેદ જણાવે છે કે સદર મુદામાલ તેઓના મદદનીશ નીયામકના સ્ટ્રોંગ રૂમની દેખરેખમા હોય છે, આ મુદામાલ તેઓને એ સ્ટ્રોંગ રૂમમાથી પરીક્ષણ માટે આપેલો તેની તેઓએ કોઈ જાત તપાસ કરેલ નથી. તેઓને મુદામાલ તારીખ ૦૬/૧૦/૨૨ ના રોજ સોંપવામા આવેલ અને તે તેઓએ તારીખ ૧૦/૧૦/૨૨ ના રોજ કેસ ઓપન કરી પરીક્ષણ કરેલ, સાહેદ જણાવે છે કે તેઓ જે દિવસે કેસ ઓપન કરે તે જ દિવસે જ મુદામાલ મળે છે અને તેની અગાઉ તેઓને ફાઈલ સ્ટડી માટે આપવામા આવે છે, કેસ સ્ટડી માટે તારીખ ૦૬/૧૦/૨૨ ના રોજ મળેલ પરંતુ જયારે પરીક્ષણ કરવાનુ હોય ત્યારે મુદામાલ સ્ટ્રોંગ રૂમમાથી આપવામા આવે છે, તેઓને કયા દિવસે મુદામાલ સ્ટડી માટે સોંપવામા આવેલ અને કયા દિવસે મુદામાલ પરીક્ષણ માટે સોંપવામા આવેલ તે રજીસ્ટરની નોંધ તેઓએ જોડીયા પોલીસ સ્ટેશનને મોકલેલ નથી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, સરતપાસની વિગતે તેઓને નમુનો એ-૧, ૨ અને ૩ પરીક્ષણ માટે સોંપવામા આવેલ અને તેઓએ તેનુ પરીક્ષણ કરી જે રીપોર્ટ આપેલ તે હકીકત ખોટી જણાવે છે, પરીક્ષણ માટે જે નોર્મ્સ અને નીયમો નકકી કરવામા આવેલ છે તેને ધ્યાનમા લીધા વગર અને તેનુ પાલન કર્યા વગર પરીક્ષણ કરેલ છે, તેઓને નમુનો પરીક્ષણમા મળ્યા પછી તેઓની પાસે ઘણા બધા દિવસ રાખીને પાછળથી ફરીયાદને અનુકુળ આવે તે રીતનો પરીક્ષણ રીપોર્ટ ભરી ફરીયાદી સરકારી કર્મચારી હોય અને તેઓ પણ સરકારી કર્મચારી હોવ તેઓની ખોટી ફરીયાદને મદદ કરવા માટે ખોટુ પરીક્ષણ રજુ કરેલ અને આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૭.૭)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અમલદાર ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમા નાઓને આંક-૩૮ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, તા.૦૮/૦૮/૨૦૨૧ ના રોજ જોડિયા પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળેલ કે બાલંભા ગામે રહેતા દિલીપભાઈ વસંતભાઈ માલવીયા પાસે ગેરકાયદેસર હથીયાર હોય અને બાલંભા ગામેથી બાલંભા પાટીયા તરફ બપોરના સમયે આવનાર હોય જેથી પોલીસ

હેડકવાર્ટર ખાતેથી આર્મરશ્રીને રીપોર્ટ કરી જોડિયા ખાતે બોલાવી અને કલાક ૧૨:૪૫ વાગ્યે એક મોટર સાયકલ જી.જે.૧૦.સીડી.૬૦૧૩ માં આ કામના આરોપી દિલીપભાઈ વસંત ભાઈ માલવીયા આવેલ અને તેમની અંગઝડતી કરતા તેમની પાસેથી એક પીસ્ટલ દેશી બનાવટની અને પાંચ રાઉન્ડ મળી આવેલ (પીસ્ટલની અંદર મેગઝીનમાં) જે અર્મરરશ્રીને દેખાડતા તેઓએ ૦.૩૨ બોરનું હથીયાર હોય અને ચાલુ હાલતમાં હોય જેથી એક દેશી બનાવટની પીસ્ટલ અને પાંચ રાઉન્ડ તથા એક મોટર સાયકલ પંચો રુબરુ કબજે કરેલ અને ઉપરોકત આરોપીની ધારા ધોરણસર અટક કરેલ અને આ બાબતની ફરીયાદ હેડ કોન્સ્ટેબલ ગીરીરાજસિંહ જાડેજાનાઓ તેઓના સમક્ષ આપતા પી.એસ.ઓ. ને દાખલ કરવા માટે આપેલ અને તપાસ તેઓએ સંભાળી લીધેલ અને ત્યારબાદ રેડીંગ પાર્ટીમાં સાથે રહેલા પોલીસ સ્ટાફના નિવેદનો લીધેલા અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈને આરોપીના મુદત હરોળમાં નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ અને સદર કબજે કરેલ પીસ્ટલ એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલી આપેલ અને ત્યારબાદ તેઓની બદલી થતા આ તપાસ પી.એસ.આઈ. શ્રી કે.આર. સિસોદીયા નાઓને સોંપી આપેલ. તેઓને કોર્ટ રેકર્ડમાંથી ડી.એમ. સાહેબનું હથીયારબંધી /૯૦૭/૨૦૨૧, તા.૦૯/૦૭/૨૦૨૧ વાળુ હથીયારબંધીનું જાહેરનામા વાળો પત્ર કે જે તપાસના કામે મેળવેલ જેમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી રાજેન્દ્ર સરવૈયા સાહેબની સહી છે જે નકલ કામમાં આંક–૩૭ થી રજુ રાખેલ છે. આ કામે એફ.એસ.એલ. માં પરિક્ષણ અર્થે મોકલેલ રવાનગી પત્રક જેમાં રવાના કરનાર તરીકે તેઓની સહી છે અને જોડિયા પોલીસ સ્ટેશનનો સિકકો છે તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર છે જેમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી જામનગર ગ્રામ્ય વિભાગની સહી છે તથા તેઓનું રાઉન્ડ સીલ છે જે આંક–૪૦ થી રજુ છે, આ કામે કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગરના તા.૨૦/૦૧/૨૦૨૩ ના રોજ ચાર્જશીટ દાખલ કરવા માટેની પરવાનગી જેમાં જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગર ડો. સૌરભ પારઘી નાઓની સહી છે જે કામમાં આંક–૪૧ થી રજુ રાખેલ છે અને તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ ગુજરાત રાજયના પત્ર ક્રમાંકથી આવેલ મુદામાલ અભીપ્રાયનો પત્ર આંક–૪૨ થી રજુ રાખેલ છે. આરોપીને જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ/ત.ક.અમલદાર એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ જે બાતમી મળ્યા અંગેનું જણાવે છે તે બાતમી શ્રી રવિન્દ્રસિંહ જાડેજાનાઓને મળી હતી, તેઓ બાતમી મળ્યા બાદ જામનગરથી આર્મરર આવ્યા તેમને સાથે લઈને બાતમી વાળી જગ્યાએ ગયેલા, તેઓએ આર્મરર ને બોલાવવા માટે અત્રેના પોલીસ સ્ટેશનમાંથી ઈ–મેઈલ કરેલ અને ઈ–મેઈલ મળતા તેઓ આવી ગયેલા, તેઓએ ઈ–મેઈલ કર્યા બાદ કલાક સવા કલાકમાં આર્મરર આવી ગયેલા, તેઓની તપાસમાં એ ઉલ્લેખ નથી કે રેઈડ સમયે જોડિયા પોલીસ શું વસ્તુઓ સાથે લઈને ગઈ હતી અને આર્મરર શું વસ્તુઓ લઈને સાથે આવેલા, તેઓ જે રેઈડ કરવા જવાનું કહે છે તે રેઈડમાં સરકારી વાહન લઈને ગયેલા, રેઈડ દરમ્યાન તેઓની સાથે તેઓ તથા આર્મરર અને ડ્રાઈવર સહીત કુલ પાંચ વ્યકિતઓ બનાવવાળી જગ્યાએ ગયેલા, તેઓએ જોડિયા પોલીસ સ્ટેશનમાં આશરે સવા વર્ષ જેટલો સમય નોકરી કરેલી, તેઓની નોકરી દરમ્યાન તેઓને જોડિયાથી માવના ગામ દુધઈ અને બાલંભા ગામે જવાનું ઘણી બધી વખત થયેલ છે, મોરાણા સાઈડથી આવી તો જમણી બાજુ બાલંભા ગામે જવાનો કાચો રસ્તો છે, હજામચોરા ગામના પાટીયા સામેથી બાલંભા ગામમાં જવાનો પાકો રસ્તો આવેલો છે, તેઓની તપાસમાં આરોપી બાલંભા પાટીયા તરીકે ઓળખાતી જગ્યા પાસેથી મળી આવેલા, સદર જે કલેકટરશ્રીનું આંક–૩૯ વાળુ જાહેરનામું છે તે જોડિયા તાલુકામાં જોડિયા તાલુકાના જુદા જુદા ગામોમાં પંચાયતના નોટિસ બોર્ડ ઉપર કે બહોળી પ્રસિધ્ધી કર્યાનો કોઈ આધાર પુરાવો તેઓની તપાસ દરમ્યાન મેળવેલ નથી, તેઓએ તેમની તપાસ દરમ્યાન ગુનામાં કોઈ કલમનો કોઈ વધારો કે ઘટાડો કરવા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ નથી, આ કામે આંક–૪૧ થી રજુ થયેલ કલેકટરશ્રીનો ચાર્જશીટ કરવા માટે પરવાનગી મેળવવા બાબતેનો પત્ર વ્યવહાર કોણે કરેલો તે તેઓ હાલ કહી શકે નહી, આ કામની એફ.આઈ.આર. આર્મ્સ એકટ કલમ ૨૫–૧–બી, ૨૯, તથા જી.પી.એકટ ૧૩૫ મુજબની છે, આંક–૪૧ વાળો કલેકટરશ્રીનો ચાર્જશીટ કરવા માટેનો જે પરવાનગી આપો જે પત્ર છે તેમાં વંચાણે લીધા ક્રમાંક (૨) પર છે તેમાં આર્મ્સ એકટ ૧૯૫૯ કલમ ૨૫(૧) તથા ૩૯ આ રીતે લખેલ છે, તેઓને આર્મરર ધ્વારા હથીયાર બાબતે તપાસણી રીપોર્ટ ફરીયાદના દિવસે જ આપવામાં આવેલ, હથીયાર તપાસણી બાબતની કામગીરી આર્મરરે સ્થળ ઉપર કરેલી, તેઓએજે એફ.એસ.એલ. માટે હથીયાર અને કારતુસ મોકલેલા તેમાં પીસ્ટલ સાથે કુલ

પાંચ કારતુસ એટલે કે જેટલા કારતુસ કબજે કરેલા હતા તે મોકલી આપેલા, આરોપીએ હથીયાર કાંતીભાઈ માલવીયા પાસેથી લીધેલુ જે મરણ ગયેલ હોય તેનું મરણનું પ્રમાણપત્ર તેઓએ રજુ કરેલ છે, તે મરણજનાર આરોપીને ચાર્જશીટમાં ઉલ્લેખ કરેલ છે કે કેમ તે ચાર્જશીટ તેઓએ કરેલ ના હોય જેથી તેઓ કહી શકે નહી.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ/ત.ક.અમલદાર એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીને હથીયાર સાથે પંચનામાં મુજબ પકડયાની હકીકત ખોટી જણાવે છે, તેઓ રેઈડ સમયે સાથે હોય જેથી તેઓના નીચેના કર્મચારીએ કરેલ ફરીયાદને મદદ કરવા ખોટી તપાસ કરેલ છે ખોટા દસ્તાવેજો રજુ કરી પુરતો પુરાવો ના હોવા છતાં ખોટી તપાસ કરેલ છે તેમજ આંક–૩૯ થી આંક–૪૨ વાળા દસ્તાવેજો તેઓએ કરેલા ના હોય કે તેઓની રૂબરૂ થયેલા ના હોય તેઓની તપાસને અને ત્યાર પછીની તપાસને મદદ કરવા માટે ખોટા રજુ કરેલ છે, આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો ના હોવા છતા આજરોજ ફરીયાદ અને તેઓની તપાસને મદદ કરવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૦૮) આમ, આ કામના આરોપી વિરૂદ્ધ ફરીયાદપક્ષે અદાલત સમક્ષ રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ કાયદાકિય જોગવાઈઓ જોવામાં આવે તો, પ્રથમ આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(બી) તથા ૨૫(૧–બી) જોવામાં આવે તો,

**Section**– 25(1) **Whoever—**

(**b**) shortens the barrel of a firearm or converts an imitation firearm into a firearm 3[or convert from any category of firearms mentioned in the Arms Rules, 2016 into any other category of firearms] in contravention of section 6

**Section**– 25(1**B**) **Whoever**–

*(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3 ; or*

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as has been specified in that notification in contravention of that section; or

(c) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturer's number or other identification mark stamped or otherwise shown thereon as required by sub–section(2) of section 8 or does any act in contravention of sub–section (1) of that section; or

(d) being a person to whom sub–clause (ii) or sub–clause (iii) of clause (a) of sub–section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or

(e) sells or transfers, or converts

હવે, ફરીયાદપક્ષે અદાલત સમક્ષ રજુ કરેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લાવામાં આવે તો, ફરીયાદપક્ષ દ્વારા સૌપ્રથમ કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી મળેલ હોવાનું પુરવાર કરવુ જરૂરી છે. સદર કામે રેઈડ કરી આરોપી પાસેથી મુદ્દામાલ કબ્જે કરેલ તે આંક–૧૧ વાળા પંચનામાના પંચ સાહેદોને આંક–૧૦ તથા આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. જેઓ બંન્ને પંચો પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કે ફરીયાદપક્ષની કોઈ હકિકતને સમર્થન કરેલ નથી. તેઓને વિ. એપીપીશ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈ પુરાવો મળી શકેલ નથી.

સદર કામે રજુ આંક–૧૧ વાળા પંચનામાનાં પંચોના પુરાવાથી પંચનામાની કોઇ હકિકતને સમર્થન મળેલ નથી. જે પંચ સાહેદો રૂબરૂ તમામ કાર્યવાહી થઇ તે પંચોના પુરાવા દ્વારા જ સદર પંચનામું સાબિત માની શકાય, કારણ કે એ સિવાયના તમામ સાહેદો પોલીસ સાહેદો છે. જે રસ ધરાવતા સાહેદો છે જે ફરીયાદીના સહ કર્મચારી છે. જેથી પંચનામું નિઃશંકપણે પુરવાર થતુ નથી. જો પંચનામું જ પુરવાર થતુ ન હોઇ તો રેઇડ દરમ્યાનની કાર્યવાહી તથા આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કહેવાતુ હથિયાર મળી આવેલ હોઇ તે હકિકત પણ સાબિત થતી નથી. જ્યારે સીઝર તથા રીકવરી જ સાબિત થતી ન હોય ત્યારે તેનો લાભ આરોપીને મળે છે.

આ કામે રજુ આંક–૯ વાળી ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદીએ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧–બી)એ, ૨૯ મુજબ ફરીયાદ આપેલ છે જયારે એફ.આઇ.આર.માં આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) મુજબ ગુનો નોંધેલ છે તથા ચાર્જશીટ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની કરવામાં આવેલ છે. જયારે આંક–૩૪ વાળા ચાર્જશીટ કરવાની પરવાનગીના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હુકમમાં પણ આરોપી વિરૂદ્ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧–બી)એ હેઠળ ચાર્જશીટ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. ફરીયાદપક્ષ દ્વારા આ બાબતે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી આરોપી વિરૂદ્ધ આરોપ જ સ્પષ્ટ થતો ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયારનું ફરીયાદ, પંચનામાં અને એફ.એસ.એલ. રીપોર્ટમાં વર્ણન જોવામાં આવે તો, ફરીયાદ તથા પંચનામામાં જણાવેલ છે કે પિસ્ટલની બેરલની લંબાઇ ૮.૫ સે.મી. તેમજ પિસ્ટલની ઉપરની સ્લાઇડ સહિત કુલ લંબાઇ ૧૪ સે.મી. છે જે પિસ્ટલની ગ્રીપની લંબાઇ ૭ સે.મી. છે. જેમાં એક સાઇડ પ્લાસ્ટિકના કાળા સિલ્વર કલરના ફાઇબરના કવરમાં બે લોકલ સ્ક્રુ ફીટ કરેલ છે અને એક બાજુનું કવર નીકળી ગયેલ છે. સદરહુ પિસ્ટલમાં ઉપરની સાઇડમાં બોડીના ભાગમાં એક હેમર ફીટ કરેલ છે. જ્યારે એફ.એસ.એલ. રીપોર્ટમાં મુદ્દામાલ હથિયારનું વર્ણન જોતા દેશી બનાવટની મેગઝીન સાથેની પિસ્તોલ જેની બેરલ લંબાઇ ૮.૬ સે.મી. છે એટલુ જ જણાવેલ છે. આમ, એફ.એસ.એલ. રીપોર્ટ તથા પંચનામામાં કરેલ મુદ્દામાલ હથિયારનાં વર્ણનથી આ બંન્ને હથિયાર એક જ છે તે માની શકાય તેમ નથી. જેથી સદર કામે કબ્જે કરાયેલ મુદ્દામાલ હથિયાર જ એફ.એસ.એલ.તપાસણી કરેલ છે તે સ્પષ્ટ થતુ નથી. આ કામે આંક–૩૦ થી તપાસવામાં આવેલ એફ.એસ.એલ. અધિકારીને તપાસવામાં આવેલ છે તેઓએ તેઓ પાસે તપાસ માટે આવેલ મુદ્દામાલની તપાસ બાબતે પુરાવો આપેલ છે પરંતુ તે મુદ્દામાલ તથા આ કામે કબ્જે

કરેલ મુદ્દામાલ એક જ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા ન હોય તેઓના પુરાવાથી આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને લોકોની અવર જવર રહે તે સ્વાભાવિક છે. પરંતુ, તપાસ કરનાર અમલદાર દ્વારા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ તબક્કે ***૨૦૦૩, એસ.એ.આર.(ક્રિમિનલ),૪૨૭*** પરનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવુ જોઈએ. વધુમાં ***૨૦૦૩,એસ.એ.આર.(ક્રિમિનલ), ૩૭૭*** પરનો નામદાર સર્વોચ્ચ અદાલતની ડીવી. બેન્ચનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે આરોપી દ્વારા કરવામાં આવેલ અપિલ મંજુર કરતાં નોંધેલ છે કે, માત્ર પોલીસ સાહેદોનાં પુરાવા આધારે ગંભીર ગુનાનાં કેસનો નિર્ણય થઇ શકે નહી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, પોલીસ સાહેદોનો પુરાવો છે તે માનવા પાત્ર, ભરોસા પાત્ર નથી.

આમ, સમગ્ર પુરાવો જોતા સદર કામે પંચનામાના પંચ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ નથી. આ કામે એફ.એસ.એલ. ના કોઈ કર્મચારી/અધિકારીને તપાસવામાં આવેલ નથી. તેમજ આ કામે જાહેરનામું બહાર પાડનાર કચેરી દ્વારા જાહેરનામાની યોગ્ય રીતે પ્રસિદ્ધિ કરેલ છે તે બાબતે તથા તમામ વ્યક્તિસુધી જાહેરનામું પહોંચી શકે તેવી બહોળી પ્રસિદ્ધી કઇ રીતે કરેલ છે તે બાબતે પણ કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી કે આવી કચેરીના કોઈ જવાબદાર અધિકારી/કર્મચારીને પણ તપાસવામાં આવેલ નથી. જેથી કેસની હકિકત તથા તમામ પુરાવો અને ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકા રહિત સાબિત કરી શકેલ ન હોય સદર પુરાવા દ્વારા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૦૯)** આમ, ઉપરોકત કેસની ચર્ચા તથા રજુ રાખવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરિયાદપક્ષ આરોપી સામેનો આર્મ્સ એકટની કલમ: ૨૫(૧)(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ નીવડતા ન હોવાનું ફલીત થતું હોય જેથી મુદા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવી ન્યાયના વિશાળ હીતમાં મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી

હુકમ ફરમાવુ છું.

**-::હુકમ::-**

(૧) આ કામના આરોપી દિલીપ વસંતભાઈ માલવીયા રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જિ.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/-ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ હથિયાર ક્રિમિનલ મેન્યુઅલ પેરા-૨૩૪ની જોગવાઈ ધ્યાને લઈ મહે. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરનાઓ મારફત સ્ટેટ પોલીસ મ્યુઝીયમ તરફ અપીલ વિત્યા બાદ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૦મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૨૦/૦૪/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)